અપીલ અરજી નં.૨૭૩ તા.૨૧–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી દિલીપસિંહ જી. ઝાલા
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિલીપસિંહ જી. ઝાલાની તા.૨૩–૧૦–૦૯ ની અરજીથી કર્મચારી નં.૧૩૩૬૩ શ્રી જનકકુમાર કે. જોષી કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/ ૪૭૨૭ તા.૩–૧–૯૦ થી થયેલ મુકાદમ તરીકેની નિમણુંક કયા આધારે થયેલ છે. સીધી ભરતીથી કે ખાતાકીય પરિપત્રથી? પરિપત્ર અને સીધી ભરતીથી હોય તો કયાં વર્તમાન પત્રમાં જાહેરાત આપી હોય તો તેની માહિતી. સુ.મ.પા.ના સીએનજી ગેસથી ચાલતા વાહનોમાં ગેસ કયા ગેસ સેન્ટર પરથી ભરાવવામાં આવે છે. વાહનોમાં ભરાવવામાં આવતા ગેસના નાણાં કઈ રીતે ચુકવવામાં આવે છે. તેમજ ગેસ સેન્ટરના નામ અને માલિક ભાગીદારોના સરનામાંની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૧–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૭૩/૨૦૦૯–૧૦

શ્રી દિલીપસિંહ જી. ઝાલાની તા.૨૩–૧૦–૦૯ ની અરજીથી કર્મચારી નં.૧૩૩૬૩ શ્રી જનકકુમાર કે. જોષી કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૪૭૨૭ તા.૩–૧–૯૦ થી થયેલ મુકાદમ તરીકેની નિમણુંક કયા આધારે થયેલ છે. સીધી ભરતીથી કે ખાતાકીય પરિપત્રથી? પરિપત્ર અને સીધી ભરતીથી હોય તો કયાં વર્તમાન પત્રમાં જાહેરાત આપી હોય તો તેની માહિતી. સુ.મ.પા.ના સી.એન.જી ગેસથી ચાલતા વાહનોમાં ગેસ કયા ગેસ સેન્ટર પરથી ભરાવવામાં આવે છે. વાહનોમાં ભરાવવામાં આવતા ગેસના નાણાં કઈ રીતે ચુકવવામાં આવે છે. તેમજ ગેસ સેન્ટરના નામ અને માલિક ભાગીદારોના સરનામાંની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૦૮ તા.૧૨–૧૧–૦૯ થીઆપેલ માહિતી ગેરમાર્ગે દોરનારી, ખોટી અને અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૩૫ તા.૨૬–૧૧–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં .જીએડી/ઈએસટી/૨૭૩૨ તા.૧–૧૨–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોનનો તા.૨૭–૧૦–૦૯ નો તબદીલ પત્ર, અરજદારની મુળ અરજીની નકલ, મુકાદમના હોદ્દાની ભરતીની વિગતોનું પત્રક, અને નં.જીએડી/ઈએસટી/૪૭૨૭ તા.૩–૧–૯૦ ના નિમણૂંકના હુકમની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૦૮ તા.૧૨–૧૧–૦૯ ના પત્રની નકલ અને ફી ભર્યાની વિગત રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૩–૧૦–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયે અને સંદર્ભે માંગવામાં આવેલી માહિતી અંગે સેન્ટ્રલઝોનમાં અરજી કરવામાં આવેલ તેમના તરફથી પત્ર નં.સેઝોન/આરટીઆઈ/જાવક/૧૦૧૫ તા.૨૭–૧૦–૦૯ થી પર્સોનલ ઓફિસર (મહેકમ) અને ડે.ઈજનેર વર્કશોપને તબદીલ કરવામાં આવેલ. જેમાં પેરા નં.૧ થી કર્મચારી નં.૧૩૩૬૩ શ્રી જનકકુમાર કે. જોષી કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/ ૪૭૨૭ તા.૩–૧–૯૦ થી થયેલ મુકાદમ તરીકેની નિમણુંક કયા આધારે થયેલ છે. સીધી ભરતીથી કે ખાતાકીય પરિપત્રથી પરિપત્ર અને સીધી ભરતીથી હોય તો કયા વર્તમાન પત્રમાં જાહેરાત આપી હોય તો તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી શ્રી જનકકુમાર કે. જોશીની મુકાદમ તરીકેની નિમણૂંક ખાતાકીય પરિપત્રથી અરજીઓ મેળવી સ્ટાફ સીલેકશન કમિટિના રીપોર્ટ અનુસાર કરવામાં આવેલ છે. ખાતાકીય પરિપત્રની જાહેરાત વર્તમાનપત્રમાં આપવામાં આવેલ નથી. તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે માહિતીમાં સીધી ભરતી નહીં પરંતુ ખાતાકીય પરિપત્રથી અરજીઓ મંગાવી કરેલ જણાવેલ છે અને વર્તમાનપત્રમાં જાહેરાત આપેલ નથી તેવું માહિતીમાં જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૨૧–૧૧–૦૯ ના રોજ અપીલ અરજી કરી મજકુર કર્મચારી તા.૪–૧–૯૦ ના રોજ મુકાદમ તરીકે જોડાયા છે અને તે અગાઉ કર્મચારી હતા જ નહીં તો તેઓ મુકાદમ તરીકે ખાતાકીય પરિપત્રના આધારે નિમણૂંક કઈ રીતે થઈ તેવી માહિતી છુપાવવામાં આવેલ છે જે અંગે સંતોષ નહીં હોવાથી અપીલ અરજી કરેલ છે. અને અપીલમાં ઉડાણપૂર્વક તપાસ અને દંડનીય પગલા ભરવાની રજૂઆત કરેલ છે. અરજદારે અપીલ તબકકે મજકુર કર્મચારીની મુકાદમ તરીકે નિમણૂંક તા.૪–૧–૯૦ થી થયેલ હોય તે અગાઉ મનપાના કર્મચારી ન હતાં તો ખાતાકીય પરિપત્રથી કઈ રીતે અરજી કરી તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે કોઈ પૂરક વિગતોમાં નં.જીએડી/ઈએસટી/૪૭૨૭ તા.૩–૧–૯૦ નિમણૂંક અં ગેના હુકમમાં સ્ટાફ સીલેકશન સમિતિનો ૧૯–૧૨–૮૯ નો રીપોર્ટ હોવાનું જણાવેલ છે. તથા હુકમમાં શ્રી જોષીના નામ નીચે રોજીંદા બેલદાર ફાઈલેરીયા ખાતુ વિગતમાં જણાવેલ છે. તે વિગત જોતાં અરજદારની અપીલમાંની રજૂઆતને સમર્થન મળતું જણાતું નથી. જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉપલબ્ધ માહિતી આપેલી જણાય છે. તે સિવાયની બાબતે અરજદારની અપીલ ન હોઈ તકરારને સ્થાન નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલમાં કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અપીલ દફતરે કરવામાં આવે છે.

ઉડાણપૂર્વક તપાસ અંગેની રજૂઆત તકરાર નિવારણ તથા વહીવટી કાર્યવાહી હોઈ તે બાબતે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનન ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી દિલીપસિંહ જી. ઝાલા